# વડગામની સાધ્વી જયશ્રીગિરિને મામલે વધુ એક વિવાદ

## મોકેસ્વર મઠમાં ડાયરા દરમિયાન બંદૂકથી થયા હતા ફાયરિંગ : અભદ્ર ભાષા પ્રયોગ તેમજ બંદૂક ફાયરિંગના વિડીયો થયા વાયરલ : જૂનાગઢના સાધુસંતોમાં પણ જયશ્રીગિરિ સામે વિરોધ

બનાસકાંઠા ના વડગામ ની સાંધ્વી જયશ્રી ગિરી ને લઈને એક





પછી એક વિવાદ સામે આવી રહ્યાં છે ત્યારે હવે સાધુ સંતો પણ સામે આવી રહ્યાં છે અને જયશ્રી ગિરી નાં કરતૂતો વિસે બોલી રહ્યાં છે ત્યારે નોં કબ્જો લેવા આવ્યાં ત્યારે તેમનેં ચાર જ દીવસ માં ઠોકર ખાવી પડી અને જેલ મા જવું પડયું છો સમગ્ર ગુજરાત માં જૂનાગઢ ના ભવનાથ મંદિર માં ભગવાન ની પવિત્રતા આજે પણ એટલી જ યથાવત છે

આજે ગિરનાર જુનાગઢ નાં ભવનાથ મંદીર નાં સાધુ અમરગિરી સાધુ એ આજે મીડિયા સમક્ષ જણાવ્યું હતુ કે બનાસકાંઠા નાં પાલનપુર ની સાધ્વી જ્યારે ભવનાથ ત્યારે આવી પવિત્ર જગ્યા મા કોઈ અસામાજિક કામો ને ક્યારેય શોભાસ્પદ બની શકતું નથી તેમજ મંદિર ના ઉચ્ચ સ્થાને બિરાજનાર ને કઈ પણ ખોટા કામ કરે તો સજા ભોગવવી જ પડે તેવું જણાવ્યું હતુ.

બનાસકાંઠા ના વડગામમાં આવેલા મોકેસ્વર મઠ માં સાધ્વી જયશ્રી ગિરી દ્વારા યોજાયેલ ચૌલ ક્રિયા દરમિયાન નોટો નો વરસાદ જો કે આ મુદ્દે બનાસકાંઠા જિલ્લા પોલીસે વડાએ નિવેદન આપ્યું છે કે આ મુદ્દે જે તે ઈસમો પાસે થી હથિયાર કબ્જે લઈ આરોપીઓ સામે વધુ ઠોસ કાર્યવાહી કરવામાં રાવલ ના માતા એ અપહરણ ની કરેલી ફરિયાદ ના આધારે આજે પચ્ચિમ પોલીસે અમદાવાદ સાબરમતી જેલ થી કબ્જો મેળવી પાલનપુર લવાયા હતા તેમજ

જેતે સમયે ઘણો ચર્ચાસ્પદ બન્યો હતો જો કે આ સિવાય પણ અન્ય એક વિડીયો વાયરલ થયો છે જેમાં ગુજરાતી ગાયક કલાકર કિર્તીદાન ગઢવી ના આગમન સમયે સાધ્વી ના સમર્થકો તેમજ ભક્તો દ્વારા બંદૂક અને રાયફલ થી ફાયરિંગ કરાઈ રહ્યું છે.જો કે એક તરફ ફાયરિંગ અને રૂપિયા ૨ હજાર ની નવી નોટો નો વરસાદ સાધ્વી માટે નવી આફત પેદા કરી શે તેમ છે ત્યારે જોવું એ રહે છે સાધ્વી ના આવનારા સમય માં કેટલા કારસ્તાન બહાર આવશે આવશે

બનાસકાંઠા ના વડગામ ના મોકેસ્વર ના સાધ્વી જયશ્રીગિરી સામે દિન પ્રતિદિન કાનૂની સકંજો વધુ મજબૂત થતો જાય છે ત્યારે હજુ પણ સાધ્વી નો મિજાજ પહેલા જેવો જ હોય તેમ જણાય છે। સાધ્વી ને પાલનપુર પોલીસ મથક થી સિવિલ મેડિકલ ચેકઅપ માટે લઈ જવાતા હતા ત્યારે કેમેરા ને જોઈ સાધ્વી એકદમ ઉશ્કેરાઈ ગયા હતા તેમજ કેક આમ કહેતા નજરે પડ્યા હતા.સાધ્વી ના મુખ્ય સાધક ચિરાગ પાલનપુર સિવિલ માં મેડિકલ કરવા રજુ કરાયા હતા જ્યા સાધ્વી નો ગુસ્સો હજુ યથાવત હોવાનું ધ્યાને આવ્યું હતું કેમેરા ને જોઈ સાધ્વી ભડકી ઉઠયા હતા તેમજ અભદ્ર વાણી નો પ્રયોગ કરતા નજરે પડ્યા હતા જો કે સ્થાનિક પોલીસ અધિકારીઓ દ્વારા સાઘ્વી ને તાત્કાલિક ધોરણે સિવિલ માં લઈ જવાય હતા જો કે સાધ્વી સામે આવનારા સમય મમાં કેટલા આરોપો સામે આવશે એ તો સમય જ બતાવશે.

## સાધ્વી સામે પાંચ ફરિયાદ નોંધાઈ જેલયાત્રા લંબાય તેવા એંધાણ..!!!

પાલનપુરમાં રૂ.૫ કરોડની છેતરપીંડીના આરોપનો સામનો કરી રહેલા સાધ્વી જયશ્રીગીરીની મુશ્કેલીઓમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. સાધ્વી જયશ્રીગીરી કાનૂનના સકંજામાં આવી ગયા છે. ત્યારે સાધ્વીથી પીડિત લોકો પણ હવે સામે આવી રહ્યા છે. જેના પગલે બનાસકાંઠા જીલ્લામાં જ અત્યાર સુધી સાધ્વી જયશ્રીગીરી વિરુધ્ધ પાંચ ફરિયાદ નોંધાઈ ચુકી છે.

સાધ્વી જયશ્રીગિરી કાનૂનની ગિરફ્તમાં આવતા જ પીડિત લોકો હવે ધીમે ધીમે બહાર આવી રહ્યા છે. પાંચ કરોડના સોનાની છેતરપીંડી સહિત દારૂ સાથે પકડાયા બાદ હવે સાધ્વી જયશ્રીગીરી વિરુધ્ધ એક બાદ એક ફરિયાદ સામે આવી રહી છે. બનાસકાંઠા જીલ્લામાં જ અત્યાર સુધી છેતરપીંડીની ૪ અને ૧ પ્રોહીબીશનની એમ કુલ પાંચ ફરિયાદ નોંધાઈ છે. અત્યારે સાધ્વી જયશ્રીગીરી પ્રોહીબીશનના ગુનામાં પોલીસ રિમાન્ડ પર છે ત્યારે તેની સામે ફરિયાદો થતાં હવે કાયદાનો સકંજો સાધ્વી વિરુધ્ધ વધુ કસાયો છે. ત્યારે પોલીસ હવે નવા ગુનામાં પણ તેની સામે રિમાન્ડની માંગણી કરશે તેવું જિલ્લા પોલીસ વડા નીરજ બડગુજર એ જણાવ્યું હતું.

પઠાણી ઉઘરાણી માટે જાણીતી સાધ્વી જયશ્રીગીરીના વ્યાજખોરીના ભરડામા આવી ગયેલા લોકો હવે સામે આવી રહ્યા છે. સાધ્વી વિરુધ્ધ હવે લોકો ખુલીને સામે આવી રહ્યા છે. ત્યારે કાયદાની ચુંગાલમાં આવેલી સાધ્વીની જેલ યાત્રા લંબાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

## અમદાવાદમાં તપાસનો ધમધમાટ

મુક્તેશ્વર મઠના વિવાદિત સાધ્વી જયશ્રીગિરી સામેના છેતરપિંડી કેસમાં ઝડપાયેલો સહ આરોપી ચિરાગ રાવલ હાલમાં પોલિસ રિમાન્ડ પર છે. ત્યારે ચિરાગને લઈ પોલીસ અમદાવાદ તપાસ અર્થે ગઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે.સાધ્વી અને ચિરાગ ૧૬ કિલો સોનુ લઈ અમદાવાદ પહોંચ્યા હોવાની વાતને લઈને પોલીસ ચિરાગ સાથે આખી ઘટનાનું રિકન્ટ્રક્શન કરશે તેવા અહેવાલ મળ્યા છે. ચિરાગ રાવલ સાધ્વીના અનેક ગુનાઓમાં સાથીદાર અને સહયોગી રહ્યો છે. ત્યારે ચિરાગ રાવલ સાધ્વી કેશમાં પોલીસ માટે સૌથી મહત્વની કડી હોઈ પોલીસે ક્રોસ ઈન્વેસ્ટિગેશન સાથે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં હવામાનમાં પલટો

## માવઠાની દહેશત, આકાશે વાદળો ગોરંભાયા : તાપમાનમાં ૧ ડીગ્રી પારો ઉંચકાયો : ઠંડી ઘટશે

અરવલ્લી, તા. ૪

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી પલટાયેલા હવામાનના લીધે આકાશે વાદળો ગોરંભાતા ઠંડીનો પ્રભાવ ઘટ્યો છે. અને પ્રજાજનોને હળવી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. શનિવારે બન્ને જિલ્લામાં વાદળો ગોરંભાતા કેટલાક વિસ્તારોમાં કાળા ડિબાંગ વાદળો ધસી આવતા માવઠાની દહેશત પેદા થતા ખેડૂતોમાં ચિંતાની લકીરો તણાઈ છે. તાપમાનમાં ૧ ડીગ્રીનો વધારો થતો મહદઅંશે ઠંડી ધીમે ધીમે વિદાય લઈ રહી હોય તેવુ અનુભવાઈ રહ્યું છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં જાન્યુઆરીના થતા ભૂમિપુત્રો ચિંતામાં ઘરકાવ થઈ ગયા છે. હવામાન વિભાગ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી કે વાદળો ગોરંભાયા છે. પરંતુ માવઠાની વકી જણાતી ન હોવાનું જણાવાઈ રહ્યું છે. પાકિસ્તાન ઉપર સ્થાયી સિસ્ટમ નબળી પડવાની સંભાવના છે. આગામી સપ્તાહના મધ્યથી તાપમાન ક્રમશઃ વધવાની શક્યતા છે. જો કે આગામી ૨૪ કલાક બાદ જ સ્થિતિ સ્પષ્ટ થઈ જશે કે માવઠુ થશે કે નહિ. આછા વાદળો ચઢી આવતા ઠંડી ગાયબ થઈ ગઈ છે. જિલ્લાના મુખ્ય મથક મોડાસા સહિત અન્ય વિસ્તારોમાં ગરમીનો અહેસાસ લોકોએ અનુભવ્યો છે અને બપોરના ૧ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી ઓફિસો



અંતિમ સપ્તાહમાં પડેલી કાતિલ ઠંડીથી લોકો ઠુંઠવાઈ ગયા હતા. બીજીબાજુ ઘઉં, બટાકા સહિતના પાકોમાં ઠંડીથી ઉત્પાદન વધવાની શક્યતાના પગલે બન્ને જિલ્લાના ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો. પશ્ચિમોત્તર દિશામાંથી વાદળો ઉત્તર ગુજરાત તરફ સરકી રહ્યા હતા જે અરવલ્લી સાબરકાંઠા જિલ્લાના વાતાવરણમાં સ્થાયી થતા ભૂમિપુત્રોમાં માવઠુ થવાની સંભાવના પેદા અને રહેણાંક વિસ્તારોમાં લોકોએ પંખાઓ શરૂ કરવા પડે તેવી હળવી ગરમીનો લોકોએ અનુભવ કર્યો છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં સરેરાશ લઘુત્તમ તાપમાન ૧૪ ડીગ્રી નોંધાયું હતું. આગામી પાંચ દિવસ દરમ્યાન લઘુત્તમ તાપમાન ૧૪-૧૫ ડીગ્રીની આસપાસ જળવાઈ રહેશે અને મહત્તમ તાપમાન ૩૧-૩૨ ડીગ્રીની આસપાસ રહેશે.

# અરવલ્લીમાં આગામી ૧૯મીએ દક્ષિણ બારેશી આંજણા પટેલ સમાજનો તેરમો સમૂહ લગ્નોત્સવ ઉજવાશે

## રાજેન્દ્રનગરમાં યોજાનાર આ સમૂહ લગ્નોત્સવમાં ૩૧ નવયુગલો પ્રભુતામાં પગલાં માંડશે

અરવલ્લી જિલ્લામાં શ્રી દક્ષિણ બારેશી આંજણા (ચૌધરી)પટેલ સમાજનો તેરમો




સમૂહ લગ્નોત્સવ આગામી ૧૯મી ફેબ્રુઆરી ૨૦૧૭ને રવિવારે રાજેન્દ્રનગરમાં યોજાશે. મહાવદ-૮ ના શુભ દિને યોજાનાર આ સમૂહ લગ્નોત્સવમાં સમાજના ગામોમાંથી ૩૧ જેટલા નવયુગલો પ્રભુતામાં ડગ માંડશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સમાજના સહુ ભાઈ-બહેનોના સાથ સહકારથી શ્રી બારેશી આંજણા (ચૌધરી)પટેલ સમાજના આ તેરમા સમુહ લગ્નોત્સવને સફળ બનાવવા સમૂહલગ્ન સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભિલોડા તાલુકામાં આંજણા સમાજના સમૂહ લગ્નોત્સવ લગાતાર ૧૩માં વર્ષે પણ યોજાઈ રહ્યા છે જે સમાજના અન્ય ગોળ અને વિસ્તારો તેમજ તાલુકાઓ માટે પણ પ્રેરણારૂપ છે. અહીં સમાજની એકતા અને આને સામુહિક સદભાવનાના પણ દર્શન થાય છે. આવો જ સમૂહ લગ્નોત્સવ ઉત્તર વિભાગ બારેશી આંજણા સમાજ દ્વારા પણ દર વર્ષે યોજાય છે તેમ આ વર્ષે ધોલવાણી ખાતે નિર્ધારિલ છે.

# તાજપુર કૂઈ પીક-અપ સ્ટેન્ડ બનાવવાં માંગ

સાબરકાંઠા જિલ્લાનાં અમદાવાદ- હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજના તાજપુર કૂઈ પાસે વર્ષોથી પીક-અપ સ્ટેન્ડ બનાવવાની માંગણી છતાં તંત્ર દ્વારા આજદિન સુધી સ્વિકારવામાં ના આવતાં દસ થી પણ વધારે ગામોના લોકોને પીક-અપ સ્ટેન્ડ વગર મુશ્કેલીઓ વેઠવી પડે છે અને પ્રાથમિક જરૂરિયાત સૌચાલય પણ ના હોવાથી રોજીંદુ અવર-જવર કરતાં વયવૃદ્ધો મહિલાઓને મુશ્કેલીઓ પડે છે.

પ્રાંતિજના તાજપુર કૂઈ ઉપર વર્ષોની માંગણી છતાં પીક-અપ સ્ટેન્ડ બનાવવામાં આવ્યું નથી જેને લઈને અહીંથી અવર-જવર કરતા દશથી પણ વધારે ગામોનાં લોકોને મુશ્કેલીઓ પડે છે અને પ્રાથમિક સુવિધા સૌચાલય પણ અહીં વ્યવસ્થાના હોવાથી મહિલાઓ અને વૃદ્ધો તકલીફ પડે છે ત્યારે નેશનલ હાઈવેનું સ્ટેન્ડ હોવા છતાં તંત્ર દ્વારા પીકઅપ સ્ટેન્ડ ના બનાવવામાં આવતાં આજુબાજુના ગામોના લોકોમાં તંત્ર વિરૂદ્ધ રોષ જોવા મલ્યો છે. ત્યારે સીતવાડા ગામના રહિશ રાઠોડ જાલમસિંહ પુનસિંહ દ્વારા જણાવવામાં આવ્યું હતુ કે તેવોએ પીકઅપ સ્ટેન્ડ બનાવવા ઉપર સુધી રજુઆતો પણ કરી છે. પણ આજદિન સુધી પીકઅપ સ્ટેન્ડ કે તંત્ર દ્વારા અહીં સૌચાલયની પણ વ્યવસ્થા કરવામાં આવી નથી ત્યારે અહીં નેશનલ હાઈવેની મોટા ભાગની એસ.ટી. બસો તથા ખાનગી વાહનોનો મોટો ધસારો રહે છે. છતાં તંત્ર દ્વારા આજદિન સુધી કોઈ સુવિધા ઉભી કરવામાં કે આપવામાં આવી નથી.

# મેઘરજ તાલુકા પંચાયતમાંથી શૌચાલયોનાં ફોર્મ ખોવાયાં

## જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ મેઘરજ દોડી આવ્યા : કચેરીમાં અરજદારોનો હલ્લાબોલ

મેઘરજ, તા. ૪

મેઘરજ નગરના તેમજ તાલુકાના સંખ્યાબંધ ગામડાઓના શૌચાલયના ફોર્મ મેઘરજ તાલુકા પંચાયતમાંથી ગુમ થતા અરજદારોએ ઉચ્ચ અધિકારીઓનું ધ્યાન દોરતા અધિકારીઓ તાકીદે અરજદારોને જણાવ્યુ હતુ કે ૪૬ જેટલા શૌચાલયોના ફોર્મ મળી શકતા નથી. જેથી અરજદારોએ મેઘરજ ગ્રામ પંચાયતને રજુઆત કરી હતી. આ અંગે મેઘરજના જિલ્લા પંચાયતના પૂર્વ જિલ્લા સદસ્ય જતીનભાઈ પંડ્યા, તાલુકા સદસ્ય મેઘરજ નગર અને તાલુકામાં નિર્મળ ગુજરાત અંતર્ગત શૌચાલયોના ફોર્મ ગ્રામ વિકાસ શાખા મેઘરજમાંથી ખોવાયેલ છે. કોઈ ગરીબ લાભાર્થી નાણાંકીય વ્યવહાર કરે તો તે ખોવાયેલુ ફોર્મ મળી જાય છે. આ યોજના અંતર્ગત કોન્ટ્રાકટરો દ્વારા



મેઘરજ તાલુકા પંચાયતમાં દોડી આવી અરજદારોને સાંભળી યોગ્ય કાર્યવાહી કરવાની હૈયાધારણા આપી હતી.

મેઘરજ નગર અને તાલુકાના સ્વચ્છતા અભિયાન હેઠળ શૌચાલયોની રકમ મેળવવા માટે જે તે ગ્રામ પંચાયતો દ્વારા ફોર્મ આપવામાં આવે છે. આમ મેઘરજ નગરના કેટલાય અરજદારોએ શૌચાલય મેળવવા માટે ગ્રામ પંચાયત દ્વારા ફોર્મ ભર્યા હતા. જ્યારે અરજદારો તાલુકા પંચાયતમાં શૌચાલયના ચેક મેળવવા માટે જતા ફરજ પરના અધિકારીઓએ મહેશભાઈ ઉપાધ્યાય, જિલ્લા ભાજપના મંત્રી કનુભાઈ પરમારે તાલુકા વિકાસ અધિકારી આર.કે. પંચાલ અને જિલ્લા વિકાસ એજન્સીના નિયામક પટેલનું લેખીતમાં ધ્યાન દોરતા આ શૌચાલયોના ફોર્મ ગુમ થયા અંગેની ગંભીરતા સમજી તાકીદે મેઘરજ તાલુકા પંચાયતમાં આવી પહોંચ્યા હતા. અને સામાન્ય હલ્લાબોલ સર્જાતા અરજદારોને સાંભળી યોગ્ય કાર્યવાહી કરવાની હૈયાધારણા આપતા મામલો થાળે પડ્યો હતો. જિલ્લા ભાજપ સંગઠન મંત્રી કનુભાઈ પરમારે જણાવ્યુ હતુ કે જ્યાં શૌચાલય બનાવેલ છે ત્યાં એક રેશનીંગ કાર્ડમાં જેટલા માણસો હોઈ તે તમામના અલગ અલગ ફોર્મ ભરી નાણા ઉપાડી લેવામાં આવે છે. તો આ બાબતે સ્થળ તપાસ કરી જવાબદારો સામે પગલા ભરવામાં આવે તેવી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીને લેખીત રજુઆત કરી છે.

તાલુકા વિકાસ અધિકારી એચ.કે. પંચાલ જણાવે છે કે જિલ્લામાંથી ઉચ્ચ અધિકારીઓ મેઘરજ ખાતે આજે આવ્યા છે અને શૌચાલયોની સ્થળ તપાસ ચાલુ કરી દીધી છે.





## ડીસા મુકામે શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં વર્લ્ડ કેન્સર ડેની ઉજવણી

બનાસકાંઠા જિલ્લાના ડિસા મુકામે આરોગ્ય અને પરીવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં વર્લ્ડ કેન્સર ડે યોજાયો હતો. આ પ્રસંગે તેમના હસ્તે વ્યસનમુક્તિ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો હતો. મંત્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું કે પ્રાજના આરોગ્યની સરસ જાળવણી માટે તેમજ તંદુરસ્ત સમાજના નિર્માણ માટે રાજ્ય સરકારની સંખ્યાબંધ ઉદાર યોજનાઓ અમલમાં છે. જેનાથી બિમારીના સમયે પરિવાર પર આવેલ સંકટને નિવારી શકાય છે તેમજ વ્યક્તિને નવું તંદુરસ્તી જીવન આપી શકાય છે. આરોગ્ય કમિશનર જે.પી. ગુપ્તાએ જણાવ્યું કે તંદુરસ્ત અને સુખી સમાજના નિર્માણ માટે લોકો વ્યસનમુક્ત રહે એ અનિવાર્યપણે જરૂરી છે. તેમણે કહ્યું કે સર્વે નિરોગી રહે એ સ્વસ્થ સમાજનું પ્રતિબિંબ છે. યુવાપેઢી વ્યસનોથી દૂર રહે તે માટે તેમણે ભારપૂર્વક અનુરોધ કરતાં કહ્યું કે વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસના આ યુગમાં બાળકોને સરસ ભણાવીને તેઓ ઉજ્જવળ કારકિર્દી બનાવે તે માટે કાળજીપૂર્વક પ્રયાસો કરીએ.

# મહેસાણા ખાતે મેગા જોબ ફેરનુ આયોજન

મહેસાણા, તા. ૪

ગુજરાતના યુવાનોને ઘર આંગણે રોજગારી પ્રાપ્ત થાય તે માટે ભાંડુ ખાતે એક મેઘા જોબ ફેરનું આયોજન કરવામા આવેલ છે. જેમા યુવાનોને જિલ્લાના વિવિધ ઉદ્યોગ ગૃહો અને અન્ય સંસ્થાનો દ્વારા નોકરીની વિવિધ તકો સંપન્ન થશે.

તારીખ ૧૩-૨-૨૦૧૭ના રોજ યોજાનાર આ મેઘા ફેરના આયોજન માટેની એક બેઠક આજ રોજ જિલ્લા કલેકટર આલોક કુમારના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમા મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના યુવાનોને તેમની લાયકાત મુજબ તેમની પસંદગીની રોજગારી પ્રાપ્ત કરવાની વિપુલ તકો મળશે તેમ કલેકટરે જણાવ્યું હતું.

નિવાસી કલેકટર રમેશ મેરજાએ આ બેઠકમા ઉપસ્થીત ઉદ્યોગ ગૃહોના પ્રતિનીધીઓ અને અન્ય નોકરી દાતાઓને વર્તમાન અને ભવિષ્યમા જરૂર પડનાર જગ્યાઓની વિગતો તૈયાર કરીને વધુને વધુ યુવાનોને રોજગારી મળે તેવા પ્રયાસો કરવા અનુરોધ કર્યો હતો.

આ બેઠકમા જિલ્લા રોજગાર અધિકારી સી.બી. ચોધરી, વિવિધ ઔદ્યોગીક ગૃહોના પ્રતિનીધીઓ અને ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# તલોદના માધવગઢના પ્રાચીન મંદિર બિલેશ્વરનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ

તલોદ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના માધવગઢ પંથકમાં આવેલા પ્રાચિનકાળ વખતના શ્રી બિલેશ્વર મહાદેવના પ્રાણ પ્રતિષ્ઠાનો મહોત્સવ શનિવાર તા. ૪-૨-૧૭થી સોમવાર તા. ૬-૨-૧૭ના સમયગાળા દરમ્યાન યોજાનાર છે. આ દરમ્યાન શિવાલયના મુખ્ય પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન પણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

તલોદ-મોડાસા રોડ ઉપરના ઉમેદની મુવાડી ગામના સ્ટેન્ડ સામે જ આવેલ શ્રી બિલેશ્વર મહાદેવનું શિવાલય સ્વયંભૂ શિવલીંગધારી છે. દાયકાઓ પુરાણા આ શિવાલયનો જિર્ણોદ્ધાર કરીને તેનું નવનિર્માણ કરવાની કામગીરી લગભગ પૂર્ણતાને આરે છે. જેથી તલોદના આસપાસના ગામના અને કંપાની વસાહતોના શિવભક્તોએ દાતાઓના સથવારે પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા કરવાનું આયોજન કરેલ છે.

જળયાત્રા-શોભાયાત્રા, મહાઅભિષેક તેમજ સ્થાપિત દેવની પ્રાણ પ્રતિષ્ઠા કરવાની શાસ્ત્રોક્ત વિધિ પ્રતિષ્ઠાના મુખ્ય આચાર્ય શાસ્ત્રીજી યોગેશભાઈ ભટ્ટ કરાવશે. તા. ૫-૨-રવિવારે બપોરે ૧૨.૩૯ કલાકે શિવાલયના મુખ્ય રોડ માર્ગ ઉપર આવેલા વિશાળ પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન મહંત બળદેવદાસજીના વરદહસ્તે આયોજીત કરેલ છે. જે પ્રવેશદ્વાર માટે શૈલેષકુમાર ઘનશ્યામભાઈ સોની તરફથી પૂર્ણ દાન મળેલ છે.

પ્રતિષ્ઠા મહોત્સવના મુખ્ય યજમાન હરિભાઈ ચા વાળા અને મુખ્ય દાતા ઠાકોરભાઈ અમીન છે. રવિવારે સવારે ઉમેદની મુવાડી સ્થિત ડાહ્યાભાઈ પટેલના નિવાસસ્થાનેથી જલયાત્રા-શોભાયાત્રા પ્રસ્થાન પામશે જે બિલેશ્વર મહાદેવ પહોંચશે.